‘નલ સે જલ’ના સંકલ્પની પૂર્તિ માટે ત્રિદિવસીય ચિંતન શિબિર

આગામી ત્રણ વર્ષમાં રાજ્યના ઘેર-ઘેર શુધ્ધ પીવાલાયક પાણી પહોચાડી પ્રધાનમંત્રીનું ઘર-ઘર જલ સપનું ગુજરાત પાર પાડશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૨૦૨૨ સુધીમાં ગુજરાતમાં ૧૦૦ ટકા ‘‘નલ સે જલ’’ સંકલ્પ સાકાર કરી સૌને ઘરે-ઘરે શુદ્ધ પીવાલાયક પાણી પહોંચાડવાની નેમ વ્યકત કરી છે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈના ઘર-ઘર જલના સપનાને પૂર્ણ કરવામાં ગુજરાત અન્ય વિકાસકાર્યોની જેમ જ દેશનું મોડેલ બનશે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાને ૨૦૨૪ સુધીમાં ઘરે-ઘરે ફિલ્ટર કરેલું સ્વચ્છ પાણી પાઇપલાઇન-નળથી પ્રાપ્ત થાય તેવું આયોજન કરવાનું સપનું સંજોર્યુ છે. ગુજરાતે આ સપનું આગામી ૩ જ વર્ષમાં એટલે કે ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવા આ વર્ષના બજેટમાં જ નાણાં ફાળવણી કરી દીધી છે.

મુખ્યમંત્રી રાજ્ય સરકારના પાણી પૂરવઠા વિભાગના વરિષ્ઠ ઇજનેરોની ત્રિદિવસીય ચિંતન શિબિરના સમાપન અવસરે ઉપસ્થિત રહ્યા હતા. બજેટ રજૂ થયાના ગણતરીના દિવસોમાં જ નલ સે જલનો સંકલ્પ પાર પાડવાના આયોજન સાથે પાણી પૂરવઠા વિભાગે એકશન પ્લાન બનાવી ચિંતન શિબિરથી કમર કસી છે તે માટે મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત હંમેશા વિકાસમાં અગ્રેસર રહ્યું છે તેની સરાહના કરતાં વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, પાણી પૂરવઠાના ઇજનેરોના કૌશલ્ય અને પડકારોને પહોંચી વળવાના સામર્થ્યને કારણે છેલ્લા બે દાયકામાં પાણી પૂરવઠા બોર્ડ અને વિભાગની છાપમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

ઢાંકી પંપીગ સ્ટેશન, વોટરગ્રીડ સહિત કચ્છ સૌરાષ્ટ્રના છેવાડાના વસ્તારોમાં પાણી પહોચાડવાની સિધ્ધિ હવે નામૂમકીનને મૂમકીન બનાવી દેવાની ગુજરાતની પહેચાન બની છે એમ પણ તેમણે વિભાગના ઇજનેરોને બિરદાવતા ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે ગુજરાતે હવે વોટર ડેફિસીટ સ્ટેટની છાપ ભૂંસી નાંખી છે અને માત્ર નલ સે જલ નહિ પરંતુ રિસાયકલીંગ, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર, ડિસેલીનેશન પ્લાન્ટ જેવા અદ્યતન આયામોથી ગુજરાત પાણીદાર રાજ્ય બન્યુ છે.

ગુસ્સાએ ઉમેર્યું કે, મુખ્યમંત્રીના આ સપનાને સાકાર કરવા માટે રાજ્યના ૩૩ જિલ્લાના ૩૦૦થી વધુ અધિકારીઓએ ત્રણ દિવસ માટે સામૂહિક ચિંતન કર્યું છે. જેમાં પીવાના પાણીની સુવિધા, યોજનાઓની ડિઝાઇનથી માંડીને પાણીના વિતરણ સહિતના વિષયો માટે તથા પાણીના રીયુઝ માટે પણ ચિંતન કરવામાં આવ્યું છે. પાણીના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકારે કયારેય નાણાની ચિંતા કરી નથી અને કરશે પણ નહીં તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે પાણી પૂરવઠામંત્રી કુંવરજીભાઇ બાવળીયા, રાજ્ય સરકારના નર્મદા-જળ સંપત્તિ સલાહકાર ન વ લા વા લા , જી.આઇ.ડી.એમ.ના ડાયરેકટર પી.કે. તનેજા, પાણી પૂરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આ મારો એરીયા છે... અહીં મારા ધંધામાં ભાગ પડાવવાનો નહીં...!!!

સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૯મી જન્મતિથીએ સદ્ગતના તૈલચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૯મી જન્મતિથીએ વિધાનસભા પોડિયમમાં સદ્ગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીએ શ્યામાપ્રસાદ મુખરજીને ભાવાંજલિ આપતાં કહ્યું કે, કાશ્મીર ભારતનું અવિભાજય અંગ છે અને સ્વ. શ્યામાપ્રસાદજીના સપના પ્રમાણે ૩૭૦મી કલમ અને ૩૫-એ દૂર થાય તેવી દેશની જનતાની ભાવના સાકાર થાય એ દિવસો હવે દૂર નથી.

વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, ભારતીય જનસંઘના સ્થાપક અધ્યક્ષ સ્વ. શ્યામાપ્રસાદજીને આ જ સાચી શ્રધ્ધાંજલિ હોઇ શકે.

તેમણે કાશ્મીર માટે સંઘર્ષરત રહેલા સ્વ. મુખરજીની વંદના કરતા એક ભારત શ્રેષ્ઠ ભારત બને તેવી સંકલ્પના પણ વ્યકત કરી હતી.

વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, ધારાસભ્યો, અગ્રણીઓએ પણ સ્વ. મુખરજીને આદરાંજલિ પાઠવી હતી.

નવનિયુક્ત અધ્યાપક સહાયકોને કોલેજ ફાળવણી પત્રક એનાયત

અમદાવાદ, તા. ૬

રાજ્યની વિવિધ બી.એડ. અને લૉ કોલેજ માટે પસંદગી પામેલા ઉમેદવારોને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના હસ્તે કોલેજ ફાળવણી પત્રક અપાયા હતા. અમદાવાદ ખાતે નોલેજ કોંસોર્ટિયમ ઓફ ગુજરાતનાં સભાગૃહમાં રાજ્યની વિવિધ ૨૧ લૉ. કોલેજને ૪૪ સહાયક અધ્યાપક તથા રાજ્યની ૩૧ બી.એડ.કોલેજ ને કુલ ૭૪ અધ્યાપકો ફાળવાયા છે.

આ તકે શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ વકીલ અને શિક્ષક તૈયાર કરતી શૈક્ષણિક સંસ્થાનોને અધ્યાપકો મળ્યા તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

મંત્રીશ્રીએ ઉમેદવારોની સફળતા અને બિરદાવતા કહ્યું કે, રાષ્ટ્ર નિર્માણમાં ઉત્કૃષ્ટ યોગદાન આપે એવા વકીલો અને શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી હવે આપ સૌ અધ્યાપકો પર છે.

તેમણે વધુમાં કહ્યું કે, આપ સૌની માત્ર મેરીટ આધારે પસંદગી થઇ છે ત્યારે શિક્ષણ-કાર્યમાં પણ ગુણવત્તા ઉંચા ધોરણો હરહંમેશ જળવાઇ રહે અને આપના હાથ નીચેથી પસાર થતા તમામ વિદ્યાર્થીઓ અપના જેવા જ મેરિટ પ્રાપ્ત કરે તે આવશ્યક છે.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા, ઉચ્ચ શિક્ષણ કમિશનર એલ. પી. પાડલીયા, સંયુક્ત શિક્ષણ નિયામક ડૉ. એન. જી. ભટ્ટ, નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સલાહકાર એ. યુ. પટેલ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હિમાંશુ પંડ્યા, આઈ.આઈ.ટી.ઈ.ના વાઈસ ચાન્સેલર હર્ષદ પટેલ તથા સફળ અધ્યાપક ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં કુલ ૨૫૪૨ પોલીસ અધિકારી-જવાનોનું મહેકમ મંજુર

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૫૪૨ પોલીસ અધિકારી-જવાનોનું મહેકમ મંજુર થયું છે. જેની સામે હાલ ૮ પીઆઈ સહિત ૩૪૫ પોલીસ કર્મચારીઓની ઘટ વર્તાઈ રહી છે. પાટનગરમાં પોલીસે પેટ્રોલીંગ અને ડીટેકશન જેવી રોજની કામગીરી સાથે છાશવારે આવતા બંદોબસ્તનો પણ ભાર હોય છે. ત્યારે કામગીરીના બેવડાભારણ વચ્ચે પોલીસ સ્ટાફ અપુરતો હોવાનુ મોટાભાગના કર્મચારીઓ અને પોલીસ અધિકારીઓ માની રહ્યા છે. માણસાના ધારાસભ્ય સુરેશ પટેલ દ્વારા વિધાનસભામાં પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ ૩૧-૫-૧૯ ની સ્થિતિએ પોલીસ ઈન્સ્પેકટરથી લઈને કોન્સ્ટેબલ સુધીની જગ્યાઓ પર મંજુર મહેકમ તેમજ ખાલી જગ્યા અંગેની વિગતો આપી હતી. જેમાં પોલીસનું મંજુર મહેકમ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

સંવર્ગ	મંજૂર મહેકમ	૬ માસથી ખાલી	૧ વર્ષથી ખાલી
બિન હથિયારધારી પીઆઈ	૨૭	૮	૦
બિન હથિયારધારી પીએસઆઈ	૯૮	૦	૦
હથિયારી પીએસઆઈ	૪૬	૬	૨
બિન હથિયારી એએસઆઈ	૨૩૮	૪	૨
હથિયારી એએસઆઈ	૭૩	૦	૦
બિન હથિયારી હે. કોન્સ્ટેબલ	૩૮૫	૨૩	૧૨
હથિયારી હે.કોન્સ્ટેબલ	૧૨૪	૨૪	૧૯
બિન હથિયારી કોન્સ્ટેબલ	૮૮૧	૧૬૧	૧૬૧
હથિયારી કોન્સ્ટેબલ	૬૭૫	૧૧૯	૧૦૪

અમિત જેઠવા કેસમાં દીનુ બોઘા સહિત ૭ દોષિત જાહેર

અમદાવાદ, તા.૬

જૂનાગઢના આરટીઆઈ એકટીવીસ્ટ અમિત જેઠવાની હત્યાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા કેસમાં ભાજપના પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી તથા તેના ભત્રીજા શિવા સોલંકી સહિત ૭ આરોપીઓને આજે સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા છે. હવે આ તમામ દોષિતોને સીબીઆઈ કોર્ટ દ્વારા તા.૧૧ જુલાઈએ સજા સાંભળવવામાં આવશે.

સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે આજે આ મર્દાનગીભર્યો ચુકાદો જાહેર કરતાં જેઠવાના પિતા અને પરિવારજનોએ ન્યાય મળ્યાની લાગણી વ્યકત કરી હતી. અમિત જેઠવા હત્યા કેસમાં સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટ દ્વારા દોષિત ઠરાવાયેલા આરોપીઓમાં મુખ્ય સૂત્રધાર શૈલેષ પંડ્યા, ઉદાજી ઠાકોર, શિવા પચાણ, શિવા સોલંકી, બહાદુરસિંહ વાઢેર(પોલીસ કોન્સ્ટેબલ), સંજય ચૌહાણ અને ભાજપના પૂર્વ સાંસદ દિનુબોઘા સોલંકીનો સમાવેશ થાય છે. સીબીઆઈ કોર્ટના આ ચુકાદાને પગલે આજે ભાજપના રાજકીય ગલિયારામાં પણ ભારે ચર્ચા જાગી હતી.

ચકચારભર્યા આ કેસની વિગતો એવી છે કે, જૂનાગઢના આરટીઆઈ એકટીવીસ્ટ ઉપ વર્ષીય અમિત જેઠવાની ગત તા.૨૦ જુલાઇ,૨૦૧૦ના રોજ ગુજરાત હાઇકોર્ટ સામે આવેલ સત્યમેવ કોમ્પ્લેક્સની નીચે જ સાંજના સુમારે ધોળેદહાડે ગોળી મારી હત્યા કરાઈ હતી. સીબીઆઈએ આ કેસની તપાસ હાથ ધરી ભાજપના જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી સહિત ૭ આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. આ કેસની તપાસમાં એવી ચોંકાવનારી હકીકતો પણ સામે આવી હતી કે, આરટીઆઈ એકટીવીસ્ટ અમિત જેઠવાએ તે જ દિવસે હાઈકોર્ટમાં જૂનાગઢના ગીરના જંગલોમાં ચાલી રહેલા ગેરકાયદે ખનન અંગે પીઆઈએલ કરી હતી. અમિત જેઠવાની હત્યા પાછળ, દિનુ બોઘા સોલંકીનો હાથ છે તેવો આક્ષેપ અમિત જેઠવાના પિતા ભીખાભાઈએ કર્યો હતો. આ ઘટનામાં પોલીસે ભાજપના તત્કાલીન સાસંદ દિનુ સોલંકી અને તેના ભત્રીજા શિવા સોલંકીની ધરપકડ કરી હતી. પરંતુ ક્રાઈમ બ્રાન્ચે દિનુ બોઘા સોલંકીને ક્લિન ચીટ આપી દેતા, આ તપાસ સુરેન્દ્રનગરના એસપી રાઘવેન્દ્ર વત્સને સોંપાઈ હતી. રાઘવેન્દ્ર વત્સે દિનુ બોઘા સોલંકીને ક્લિન ચીટ આપતા ૨૦૧૨માં તેને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. કોર્ટે ત્યારબાદ સીબીઆઈને કેસ સુપરત કરવાનો હુકમ કર્યો હતો. આખરે ૨૦૧૩માં સીબીઆઈએ તપાસ કરી ભાજપના સાંસદ દિનુ બોઘા સોલંકીની ધરપકડ કરી હતી.

ટ્રેલર-બાઈકની ટક્કરમાં બે યુવાનોના મોત

અમદાવાદ, તા.૬

અમદાવાદ જિલ્લાના બાવળા-મેમર રોડ પર ગઈકાલે મોડી રાત્રે એક ટ્રેલર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર જઈ રહેલા બંને યુવકોના ગંભીર ઈજાઓના કારણે કરૂણ મોત નીપજયા હતા. જેને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. આ અકસ્માત મામલે હવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને આરોપી ટ્રેલર ચાલકની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, બાવળા તાલુકાનાં મેમર ગામનાં રહેતાં આનંદભાઈ સોલંકી અને મહેન્દ્રભાઈ સોલંકી બંને ઘરેથી મિત્રનો જન્મદિવસ હોવાથી રાત્રે બાઈક લઈને બગોદરા હોટલમાં જમવા માટે નીકળ્યા હતાં. ગામમાંથી થોડે દૂર પહોંચતાં જ બગોદરા-મેમર રોડ પર તેમના બાઈક અને પૂરપાટ ઝડપે ટ્રેલર વચ્ચે અકસ્માત થતાં બંન્ને યુવકોના મોત નીપજયા હતા.

કેન્દ્રની યોજનાઓનો જિલ્લામાં સુર્દઢ અમલ કરવા વહીવટી તંત્રને જિલ્લા કલેકટરનો અનુરોધ

વિવિધ લોકઉપયોગી નવા પ્રોજેક્ટ રજૂ કરવાની સૂચના અપાઇ

ગાંધીનગર, તા.૬

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનસુખાકારી યોજનાઓનો સુચારું અમલીકરણ કરીને ગાંધીનગર જિલ્લાનો વિકાસ કરવા માટેના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લાના ઉપસ્થિત અધિકારીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની તેમની કચેરી સંબંધિત યોજનાઓનો પ્રોજેક્ટ તૈયાર કરવા જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ સૂચના આપી હતી. જેમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, સમાજકલ્યાણ, સમાજ સુરક્ષા, ગ્રામીણ અને શહેરી ગૃહ નિર્માણ, કૃષિ, ગ્રામીણ વિકાસ, શહેરી વિકાસ, વન વિકાસ, મહિલા-બાળ કલ્યાણ, સિંચાઇ અને જળ સંપત્તિ, જળ વ્યવસ્થાપન, રોજગાર અને તાલીમ, પાણી પુરવઠા, બાગાયત જેવા વિભાગો વિવિધ રાજ્ય સરકારની યોજનાઓ સાથે સાથે કેન્દ્ર સરકારની યોજનાઓનું પણ સર્દઢ અમલીકરણ થાય તે માટે પ્રિ-પ્લાનીંગ કરીને નવા પ્રોજેક્ટનો પ્લાન રજૂ કરવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારની તમામ યોજનાઓનું સુર્દઢ અમલીકરણ થાય તે માટે અધિકારીઓને અંગત રસ લઇ પરિણામલક્ષી બનાવવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આર ટી ઓ સંકુલમાં પાર્કીંગ વ્યવસ્થાના અભાવે ટ્રાફિક નિયમનની ઐસી તૈસી

ગાંધીનગર તા ૬

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ટેકનિકલ ખામીના લીધે વારંવાર અરજદારો ધક્કે ચઢતા હોવાની ફરિયાદો રોષનુ કારણ બની છે.જયારે આર ટી ઓ કચેરીને અનુલક્ષી પુરતી પાર્કીંગ વ્યવસ્થા ન હોવાના લીધે ગ માર્ગ પર આડેધડ વાહનો ખડકાય છે. જેના લીધે ટ્રાફિક નિયમનના પાલન માટે તગડો દંડ વસુલતી કચેરી સામે જ નિયમનોની સરેઆમ ઐસી તૈસી થાય છે. આ સ્થિતિને નિવારવા માટે આર ટી ઓ કચેરી દ્વારા નજીકમાં સ્થિત ખુલ્લી જમીન ફાળવવા માટે પણ માર્ગ મકાન વિભાગને રજુઆત કરી છે. શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં અરજદારોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામીઓ સર્જાતા અરજદારોને ધક્કે ચઢવાનો વારો આવે છે. અગાઉ મેન પાવરના અભાવ વચ્ચે પણ અરજદારોના કામો અટવાતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ અને ઝડપી હોવાનો દાવો કચેરી દ્વારા કરવામાં આવે છે. જયારે અરજદારોનો સમય ન બગડે તે માટે ઓનલાઇન એપાઇન્ટમેન્ટ સિસ્ટમ પણ અમલમાં મુકવામાં આવી છે. પરંતુ હાલમાં પણ અરજદારોના અનેકવાર કામો અટવાતા હોવાની ફરિયાદો પણ રોષનુ કારણ બને છે. આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જુ દુવિધાઓની શરૂઆત થઇ જાય છે. સાંકડા સંકુલમાં આડેધડ વાહનો ખડકાતા પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે અવ્યવસ્થા ઉભી થાય છે. બીજીતરફ નગરના મુખ્ય ગ માર્ગ પર ગમે ત્યાં વાહનો ખડકી દેવાય છે. માર્ગ વચાળે જ વાહનો ખડકાતા માર્ગ સલામતી પણ જોખમમાં મુકાય છે. શહેરમાં ટ્રાફિક નિયમનના નામે આર ટી ઓ કચેરી દ્વારા દંડ વસુલી કરવામાં આવી રહી છે. આકરો દંડ વસુલી વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આર ટી ઓ કેચરીના આંગણે જ ટ્રાફિક નિયમનની ઐસી તૈસી થઈ રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. માર્ગ વચાળે જ વાહનો ખડકી દેવાતા માર્ગ સલામતી સામે જોખમ ઉભુ થયુ છે. આર ટી ઓ કચેરી પાસે સ્થિત રહેણાંક વિસ્તારની સોસાયટીમાં પણ વાહનોનો ખડકલો થાય છે. જેના લીધે આસપાસના રહીશો પણ પરેશાન છે. આ સ્થિતિને ધ્યાને લઇ આર ટી ઓ કચેરી દ્વારા કચેરી પાસે સ્થિત ખાલી જગ્યા સંદર્ભે માર્ગ મકાન વિભાગ પાસે જમીનની માંગણી પણ કરવામાં આવી છે. આર ટી ઓ કચેરીમાં સ્થિત ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ કાર્યરત છે. જયારે રોજબરોજ આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આર ટી ઓ કચેરીને અનુલક્ષી પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા ઉભી થાય તે માટે નજીકની જમીન ફાળવવા માટે પણ આર ટી ઓ તંત્ર દ્વારા માંગણી કરવામાં આવી છે.